## સંયુ ત અરજી ફોર્મ માટે SNAP અને FDPIR બિન-ભેદભાવ નિવેદન

`ફેડરલ નાગરિક અધિકાર કાયદા અને U.S. કૃષિ વિભાગ (USDA) ના નાગરિક અધિકાર નિયમો અને નીતિઓ અ ુનસાર, USDA, તેની સંસ્થાઓ, કાર્યાલયો અને કર્મચારીઓ અને USDA કાર્યક્રમોમાં ભાગ લેતી અથવા તેનું સંચાલન કરતી સસ્થાઓને વર્ણ, રંગ, રાષ્ટ્રીય મૂળ, જાતિ (લિંગ ઓળખ અને જાતીય અભિગમ સહિત), ધાર્મિક ંસપ્રદાય, વિકલાંગતા, ઉંમર, રાજકીય માન્યતાઓ, અથવા USDA દ્વારા આયોજિત અથવા ભંડોળ પૂરું પાડવામાં આવેલ કોઈપણ કાર્યક્રમ અથવા પ્રવૃત્તિમાં અગાઉની નાગરિક અધિકાર પ્રવૃત્તિ માટે વેર અથવા પ્રતિશોધના આધારે ભેદભાવ કરવા પર પ્રતિબંધ છે. U.S. આરોગ્ય અને માનવ સેવા વિભાગ (HHS) તરફથી ફેડરલ નાણાકીય સહાય મેળવતા કાર્યક્રમો, જેમ કે જરૂરિયાતમંદ પરિવારો માટે કામચલાઉ સહાય (TANF), અને HHS જે કાર્યક્રમો પ્રત્યક્ષ રીતે ચલાવે છે, તે પણ ફેડરલ નાગરિક અધિકાર કાયદા અને HHS નિયમો હેઠળ ભેદભાવ કરવા પર પ્રતિબંધિત છે.

વિકલાંગ વ્યક્તિઓ કે જેમને કાર્યક્રમની માહિતી માટે સંચારના વૈકલ્પિક માધ્યમોની જરૂર હોય છે (દા.ત., બ્રેઇલ, મોટી પ્રિન્ટ, ઑડિઓટેપ, અમેરિકન સાઇન લેંગ્વેજ), તેઓએ જ્યાં લાભો માટે અરજી કરી હોય તે સંસ્થા (રાજ્ય અથવા સ્થાનિક)નો સંપર્કકરવો જોઈએ. જે વ્યક્તિઓ બહેરા છે, સાંભળવામાં અસમર્થ છેઅથવા જેમને બોલવામાં અસમર્થતા છે તેઓ (800) 877-8339 પર `ફેડરલ રિલે સેવા દ્વારા USDA નો સંપર્કકરી શકે છે. વધુમાં, કાર્યક્રમની માહિતી અંગ્રેજી સિવાયની અન્ય ભાષાઓમાં ઉપલબ્ધ કરાવી શકાય છે.

### USDA કાયકરકરરમો સાથે સંકળાયેલી નાગરિક અધિકારોની ફરિયાદો

યુએસડીએ ઘણા 'અન્ન સુરક ા અને ભૂખમરો ઘટાડવાના કાયકરકરરમો' માટે ફેડરલ નાણાકીય સહાય પૂરી પાડે છે જેમ કે પૂરક પોષણ સહાય કાયકરકરરમ (SNAP), ભારતીય આરક ણ પર અન્ન વિતરણ કાયકરકરરમ (FDPIR) અને અન . કાયકરકરરમ ભેદભાવ સંબંધી ફરિયાદ નોંધાવવા માટે, કાયકરકરરમ ભેદભાવ ફરિયાદ ફોમર , (AD-3027) ઑનલાઇન અહીંથી ભરો: https://www.fns.usda.gov/sites/default/files/resource-files/ad3027-gujarati.pdf અને કોઈપણ USDA કાયાલરલ્યમાં પણ તે ઉપલબ છે, અથવા USDA ને સંબોધીને એક પતરર લખો અને પતરરમાં ફોમમારાં માંગવામાં આવેલ તમામ માહિતી પરરદાન કરો. ફરિયાદ ફોમનીરી નકલની વિનંતી કરવા માટે, (866) 632-9992 પર કૉલ કરો. તમારું ભરેલું ફોર્મ અથવા પત્ર USDA ને નીચે દર્શાવ્યા પ્રમાણે જમા કરાવો:

1. **મેઇલ:** ફૂડ એન્ડ ન્યુટ્રિશન સર્વિસ, USDA 1320 બ્રેડડોક પ્લેસ, રૂમ 334, એલેક્ઝાન્ડ્રિયા, VA 22314; અથવા
2. **ફેક્સ:** (833) 256-1665 અથવા (202) 690-7442; અથવા
3. **ફોન**: (833) 620-1071; અથવા
4. **ઇમેઇલ:** FNSCIVILRIGHTSCOMPLAINTS@usda.gov.

SNAP સમસ્યાઓ સંબંધિત કોઈપણ અન્ય માહિતી માટે, વ્યક્તિઓએ USDA SNAP હોટલાઈન નંબર (800) 221-5689 પર સંપર્ક કરવો જોઈએ, જે સ્પેનિશમાં પણ છે, અથવા રાજ્ય માહિતી/હોટલાઈન નંબરો (રાજ્ય દ્વારા હોટલાઇન નંબરોની સૂચિ માટે લિંક પર ક્લિક કરો) પર કૉલ કરો; જે ઑનલાઇન અહીંયા ઉપલબ્ધ છે: https://www.fns.usda.gov/snap/state-directory.

### HHS કાયકમો સાથે સંકળાયેલી નાગરિક અધિકારોની ફરિયાદો

HHS આરોગ્ય અને સુખાકારીને વધારવા માટે TANF, ત્વરિત પ્રારંભિક શરૂઆત, ઓછી આવક ઘર ઉર્જા સહાય કાર્યક્રમ (LIHEAP) અને અન્ય સહિત ઘણા કાર્યક્રમો માટે ફેડરલ નાણાકીય સહાય પૂરી પાડે છે. જો તમે માનતા હોવ કે HHS દ્વારા પ્રત્યક્ષ રીતે ચલાવવામાં આવતા કોઈપણ કાર્યક્રમો અથવા HHS દ્વારા ફેડરલ નાણાકીય સહાય પૂરી પાડવામાં આવતા કાર્યક્રમોમાં તમારી જાતિ, રંગ, રાષ્ટ્રીય મૂળ, વિકલાંગતા, ઉંમર, લિંગ (ગર્ભાવસ્થા, જાતીય અભિગમ અને લિંગ ઓળખ સહિત), અથવા સંપ્રદાયને કારણે તમારી સાથે ભેદભાવ કરવામાં આવ્યો છે, તમે તમારા માટે અથવા અન્ય કોઈ વ્યક્તિ માટે ઑફિસ ફોર સિવિલ રાઈટ્સ (OCR) માં ફરિયાદ નોંધાવી શકો છો.

HHS થકી ફેડરલ નાણાકીય સહાય પ્રાપ્ત કરતાં કાર્યક્રમ અંગે તમારા અથવા અન્ય કોઈપણ વ્યક્તિ માટે ભેદભાવની ફરિયાદ નોંધાવવા માટે, OCR ના ફરિયાદ પોર્ટલ થકી ઑનલાઇન ફોર્મ ભરો: https://ocrportal.hhs.gov/ocr/. તમે OCR નો અહીં મેઇલ દ્વારા પણ સંપર્ક કરી શકો છો: Centralized Case Management Operations, U.S. Department of Health and Human Services, 200 Independence Avenue, S.W., Room 509F HHH Bldg., Washington, D.C. 20201; ફેક્સ: (202) 619-3818; અથવા ઈમેઇલ કરો: OCRmail@hhs.gov. ઝડપી પ્રક્રિયા માટે, અમે તમને મેઇલ દ્વારા ફરિયાદ મોકલવાને બદલે ફરિયાદો મોકલવા માટે OCR ઑનલાઇન પોર્ટલનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરીએ છીએ. જે વ્યક્તિઓને નાગરિક અધિકારની ફરિયાદ દાખલ કરવા માટે સહાયતાની આવશ્યકતા હોય તેઓ OCR ને ઇમેઇલ કરી શકે છે: OCRMail@hhs.gov અથવા OCR ટોલ-ફ્રી નંબર 1-800-368-1019, TDD 1-800-537-7697 પર કૉલ કરી શકે છે. જે વ્યક્તિઓ બહેરા હોય, સાંભળવામાં તકલીફ હોય અથવા બોલવામાં તકલીફ હોય, તો કૃપા કરીને દૂરસંચાર રિલે સેવાઓને ઍક્સેસ કરવા માટે 7-1-1 ડાયલ કરો. ફરિયાદ દાખલ કરવા માટે અમે વૈકલ્પિક ફોર્મેટ (જેમ કે બ્રેઇલ અને મોટી પ્રિન્ટ), સહાયક સહાયતાઓ અને ભાષા સહાય સેવાઓ પણ મફતમાં પ્રદાન કરીએ છીએ.

આ સંસ્થા સમાન તક પ્રદાતા છે.